મે . ઉમરગામ એડી. સીની. સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મું તા. ઉમરગામ . જી . વલસાડ

ફોજદારી કેસ નંબર : ૨૯૨૧/૨૦૨૬
આંક:- ૧

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : તનમય બાબુભાઇ ધોડી
રહે : ભાઠી બોર ફળિયા તા.ઉમરગામ જી. વલસાડ

ગુન્હો : પ્રોહી એકટ ની કલમ ૬૬(૧)બી,૮૫(૧) મુજબ

-- :: હુકમ ::-

૧. હાલના આરોપી ઉપર ફરીયાદ તેમજ ચાર્જશીટમાં જણાવ્યા મુજબ ના ગુન્હાનો આક્ષેપ છે.
૨. હાલના ગુન્હા ના કામે આરોપી પોતાના ઉપર મુકવામાં આવેલ ગુન્હાના તહોમતનો સ્વીકાર કરી સ્વેચ્છાએ લોક અદાલતમાં ગુન્હાની કબુલાત આપી અલગ થી કબુલાત પુરશીસ રજુ રાખેલ છે. જેથી ગુન્હાની ગંભીરતા તેમજ સજાની જોગવાઈઓ ધ્યાને લેતાં, હાલના ગુન્હાના કામે આરોપી દ્વારા મુકવામાં આવેલ ગુન્હાની કબુલાત માન્ય રાખી લોક અદાલતમાં ગુન્હાની કબુલાત આપતા હોય ઓછો દંડ તેમજ સજા કરવાનું યોગ્ય, ઉચિત અને ન્યાયોચિત જણાઈ આવતુ હોય નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે .

-::: આખરી હુકમ :::-

આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ ની કલમ - ૨૫૨ મુજબ તકસીરવાન ઠરાવી પ્રોહી એકટ ની કલમ ૬૬(૧)બી, મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અન્વયે કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ રૂ. ૨૦૦/- નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ની રકમ ભરવામાં કસુર કરે તો દિન :૦૩ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો મુદ્દામાલ હોય તો તેનો અપીલ સમય બાદ નિયમઅનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તારીખ : ૧૧/૦૭/૨૦૨૬
ઉમરગામ .

એડી. સીની. સિવીલ જજ
ઉમરગામ